ગાંધીનગર સમાચાર

# બિહારમાં છપરા નજીક રેલ દુર્ઘટના : ૪ નાં મોત

## મૃતાંક વધવાની દહેશત વહેલી પરોઢે ૨:૧૦ વાગ્યે બનાવ : બચાવ કામગીરી યુદ્ધના ધોરણે કરાઈ

છપરા,તા. ૨૫

બિહારના સારન જિલ્લામાં છપરા નજીક આજે વહેલી સવારે દિલ્હી-ડિબરુગઢ રાજધાની એક્સપ્રેસ ખડી પડતા ઓછામાં ઓછા ચાર લોકોના મોત થયા હતા અને અન્ય ૨૩ લોકો ઘાયલ થયા હતા. જે પૈકી ૧૩ની હાલત ગંભીર જણાવવામાં આવી છે. ઈસ્ટ સેન્ટ્રલ રેલવેના ચીફ પબ્લિક રિલેશન ઓફિસર અરવિંદકુમારે કહ્યું છે કે, ત્રણ યાત્રીઓના મોત રાજધાની ટ્રેન ખડી પડવામાં થયા હતા. જ્યારે અન્ય એકનું મોત હોસ્પિટલમાં સારવાર દરમિયાન થયું હતું. દિલ્હી-ડિબરુગઢ રાજધાનીના બી-



પથી બી-૧૦ અને પાવરકાર એમ કુલ ૧૨ કોચ પાટા પરથી ખડી પડ્યા હતા. પટણાથી આશરે ૭૫ કિલોમીટરના અંતરે ગોલ્ડનગંજ સ્ટેશન નજીક આ બનાવ બન્યો હતો. બી-૧, બી-૨, બી-૩, બી-૪ અને પેન્ટ્રી કાર ઉથળી ગયા હતા. કેટલાક કોચ ટ્રેકથી ૭૦૦ ફૂટ દૂર જતા રહ્યા હતા. ઘાયલ થયેલા પૈકી ત્રણને ગંભીર હાલતમાં પટણા મેડિકલ કોલેજમાં ખસેડાયા છે. ઘાયલ થયેલા લોકો પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે જેથી મોતનો આંકડો વધવાની દહેશત પ્રવર્તી રહી છે. રાજધાની એક્સપ્રેસ ટ્રેન પાટા પરથી ખડી પડવાના બનાવમા ઉંડી તપાસ હાથ ધરવામાં આવી છે. આજે વહેલી પરોઢે ૨:૧૧ વાગેની આસપાસ આ બનાવ બન્યો હતો. ૧૨૨૩૬ દિલ્હી -ડિબરુગઢ રાજધાની એક્સપ્રેસના ૧૧ ડબ્બા ।પાટા પરથી ખડી પડ્યા હતા. આ બનાવ ગોલ્ડીગંજ અને છપરા સ્ટેશન વચ્ચે બન્યો હતો. ૧૧ કોચમાં નવ યાત્રી કોચ હતા. જ્યારે એક પેન્ટ્રીકાર અને એક જનરલ કોચ હોવાની માહિતી મળી છે. માર્યા ગયેલા અને ઘાયલ થયેલા લોકો અંગે વધારે માહિતી મળી શકી નથી. પ્રાપ્ત અહેવાલ મુજબ આ ટ્રેન મંગળવારે સવારે ૯-૩૦ વાગે નવી દિલ્હીથી રવાના થઈ હતી. અને રાત્રે બે વાગે છપરા નજીક આ બનાવ બન્યો હતો. હેલ્પ લાઈનની શરૂઆત રેલવે દ્વારા કરવામાં આવી હતી. રેલવે દ્વારા ચાર લોકોના મોતને સમર્થન આપી દેવામાં આવ્યું છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધાના ધોરણે હાથ ધરવામાં આવી હતી. ।રાહત ટ્રેન પણ રવાના કરવામાં આવી છે. નજીકના સ્ટેશન પર અટવાયેલા યાત્રીઓને પહોંચાડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.આ બનાવથી રેલવે મંત્રાલય પણ ચોંકી ઉઠ્યું છે. આ મામલે કમીશનર ઓફ રેલવે સેફ્ટી દ્વારા તપાસ કરવામાં આવશે. આમાં કારણ શોધી કાઢવામાં આવનાર છે. રેલવે બોર્ડના ચેરમેન અરૂણેન્દ્ર કુમારે કહ્યું છે કે પ્રાથમિક રીતે તપાસથી લાગે છે. કે કોઈ ભાંગફોડી પ્રવૃતિ છે. માઓવાદી આ વિસ્તારમાં પહેલાથી જ સક્રિય થયેલા છે. માઓવાદી દ્વારા બંધની હાકલ કરવામાં આવી હતી. માઓવાદી દ્વારા નાકાબંધીની જાહેરાત કરવામાં આવી હતી. છપરાના સાંસદ રાજીવ પ્રાતાપ રુડી તરત જ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. અને બચાવ કામગીરીની સમીક્ષા કરી હતી. રૂડીએ કહ્યું હતું કે પ્રાથમિક રીતે કોઈ પણ ટિપ્પણી કરવી યોગ્ય રહેશે નહી. ડીઆઈજી દ્વારા ચાર લોકોના મોતના અહેવાલને સમર્થન આપવામાં આવ્યું છે. ૨૫ લોકો ઘાયલ પણ થયા છે. ઘાયલ થયેલા લોકોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

## ઓટો, કન્ઝ્યુમર વસ્તુ ઉપર ડ્યુટી છુટછાટ વધુ છ મહિના લંબાવાઈ

નવી દિલ્હી,તા. ૨૫

ઓટો મોબાઈલ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ સેક્ટરને મોટી રાહત આપીને મોદી સરકારે આજે એક્સાઈઝ ડ્યુટી છુટછાટને વધુ છ મહિના સુધી લંબાવી દીધી હતી. એક્સાઈઝ ડ્યુટી છુટછાટ હવે ૩૧મી ડિસેમ્બર સુધી અમલમાં રહેશે. ઓટો મોબાઈલ અને કન્ઝ્યુમર ડ્યુરેબલના ક્ષેત્રમાં હાલમાં પ્રવર્તી રહેલી મંદીના માહોલમાં મોટી રાહત મળશે. મોદી સરકારના પ્રથમ બજેટને લઈને ચાલી રહેલી તૈયારી વચ્ચે સરકારે આજે આ મુજબની જાહેરાત કરી હતી. સરકારે મંદીના માહોલમાંથી બહાર નિકળવા ઈન્ડસ્ટ્રી મદદરૂપ થવા ફેબ્રુઆરી મહિનામાં વચગાળાના બજેટમાં કન્ઝ્યુમર ડ્યુરેબલ અને સાથે-સાથે કાર, એસયુવી અને ટુ વ્હીલર્સ ઉપર એક્સાઈઝ ડ્યુટીમાં કાપ મુકવાની જાહેરાત કરી હતી. આ છુટછાટ ૩૦મી જુન સુધી અમલી હતી. નવા નાણા પ્રધાન અરૂણ જેટલીએ કહ્યું છે કે, વર્ષના અંત સુધી હવે આ છુટછાટ જારી રહેશે. અગાઉની યુપીએ સરકારે તેના વચગાળાના બજેટમાં એક્સાઈઝ ડ્યુટીમાં કામ મુકવાની જાહેરાત કરી હતી. અરૂણ જેટલીએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, જુદા-જુદા ક્ષેત્રોમાં વર્તમાન સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવે તો સરકારે આજે વધુ છ મહિનાના ગાળા માટે એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડાને લંબાવવાનો નિર્ણય કર્યો છે. કન્ઝ્યુમર ડ્યુરેબલ અને ઓટો મોબાઈલ ઉપર ઘટાડવામાં આવેલી એક્સાઈઝ ડ્યુટીની સુવિધા વધુ છ મહિના માટે અમલી રહેશે. હવે આ સુવિધા ૩૧મી ડિસેમ્બર ૨૦૧૪ સુધી અમલમાં રહેશે.

તેમણે એમપણ કહ્યું હતું કે, નાની કાર, સ્કુટર, મોટર સાઈકલ, વાણિજ્ય વાહનો ઉપર એક્સાઈઝ ડ્યુટી અગાઉ ૧૨ ટકાથી ઘટાડીને જે આઠ ટકા કરવામાં આવી હતી તે ચાલુ રહેશે. એસયુવી ઉપર ફેક્ટરીગેટ ડ્યુટી ૩૦ ટકાની સામે ૨૪ ટકા કરી દેવામાં આવી હતી. મોટી કાર ઉપર એક્સાઈઝ ડ્યુટી અગાઉ ૨૭ ટકાના બદલે ૨૪ ટકા રહેશે. મધ્યમ કદની કાર ઉપર ડ્યુટી ૨૪ ટકાથી ઘટાડીને ૨૦ ટકા કરી દેવામાં આવી હતી. કેપિટલ ગુડ્સ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ ઉપર એક્સાઈઝ ડ્યુટી ૧૨ ટકાના બજેટ પૂર્વેના રેટ સામે ૧૦ ટકા રહેશે. આ છુટછાટના કારણે મહેસુલના નુકશાન અંગે પુછવામાં આવતા જેટલીએ કહ્યું હતું કે, ટુંકાગાળાના નુકશાનથી દેશના અર્થતંત્રને લાંબાગાળે રાહત થશે.

## ગેસ સિલિન્ડરની કિંમતમાં હાલ કોઈપણ વધારો ન કરવા નિર્ણય

નવી દિલ્હી, તા.૨૫

રેલવે યાત્રી ભાડામાં તીવ્ર વધારો ઝિંકવામાં આવ્યા બાદ લોકોની નારાજગીનો સામનો કરી રહેલી નરેન્દ્ર મોદી સરકારે વધુ એક નારાજગીનો સામનો હાલ પુરતો ન કરવો પડે તેવા એક ઘટનાક્રમમાં એલપીજી સિલિન્ડરની કિંમતમાં ત્રણ મહિના સુધી વધારો નહીં કરવાનો નિર્ણય કર્યો છે. મોંઘવારીના માહોલમાં સામાન્ય લોકોને આંશિક રાહત આના કારણે મળી ગઈ છે. પેટ્રોલિયમ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન દ્વારા આજે આ મુજબની જાહેરાત કરવામાં આવી હતી. કેબિનેટની બેઠક બાદ પેટ્રોલિયમ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન અને કેન્દ્રીય પ્રધાન રવિશંકર પ્રસાદ દ્વારા આ મુજબની જાહેરાત કરાઈ હતી. ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું હતું કે, તમામ સાથીપક્ષો સાથે વાતચીત કરવામાં આવ્યા બાદ આ મુજબનો નિર્ણય લેવામાં આવ્યો છે. આજે મળેલી કેબિનેટની બેઠકમાં અન્ય મહત્વના નિર્ણય પણ લેવાયા હતા. ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું હતું કે, ગેસની કિંમતોના સંદર્ભમાં વધુ ચર્ચા કરવામાં આવ્યા બાદ નિર્ણય લેવામાં આવશે. એમ માનવામાં આવી રહ્યું હતું કે, પહેલી જુલાઈથી એલપીજી ગેસની કિંમતમાં વધારો ઝિંકી દેવામાં આવશે. ધર્મેન્દ્ર પ્રધાન કેબિનેટ કમિટીના સભ્ય નથી પરંતુ તેમને આજે મિટીંગમાં હાજરી આપવા માટે કહેવામાં આવ્યું હતું. હાલમાં ગેસની કિંમત અંગે યથાસ્થિતિ રાખવામાં આવશે. પ્રધાને કહ્યું હતું કે, કેરોસીનની કિંમતમાં પણ કોઈ વધારો કરવામાં આવનાર નથી. કાયદાપ્રધાન રવિશંકર પ્રસાદે પણ કહ્યું હતું કે, નવી સરકારની સ્થિતિમાં અભ્યાસની જરૂર છે. પ્રધાન અને નાણા પ્રધાન અરૂણ જેટલી હાલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. રંગરાજન પેનલની ફોર્મ્યુલા ઉપર સમીક્ષા કરવામાં આવનાર છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, હાલમાં એવી ગણતરી હતી કે, એલપીજી અને કેરોસીનની કિંમતમાં નાના ડોઝમાં વધારો કરવામાં આવશે. રેલવે યાત્રી ભાડામાં વધારો કરવામાં આવ્યા બાદ એલપીજી અને કેરોસીનની કિંમત વધશે તેવી અટકળો ચાલી રહી હતી. પરંતુ આખરે હાલમાં વધારો નહીં કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સરકાર દ્વારા એલપીજી સિલીન્ડરની કિંમતમાં પ્રતિ સિલીન્ડર પાંચ રૂપિયાનો વધારો કરવાની હિલચાલ ચાલી રહી હતી. સાથે-સાથે કેરોસીનમાં લિટર દિઠ ૫૦ પૈસાથી એક રૂપિયાનો વધારો કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી હતી. સરકાર આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઈલની કિંમતમાં ઈરાક કટોકટી વચ્ચે તીવ્ર વધારો થયા બાદ આ વધારો ઝિંકવાની તૈયારી કરી હતી પરંતુ રેલવે યાત્રીમાં તીવ્ર વધારો થયા પછી એનડીએના સાથી પક્ષો પણ નાખુશ દેખાઈ રહ્યા હતા અને ભાડામાં વધારાને પરત ખેંચવાની માંગણી કરવામાં આવી રહી હતી. આવી સ્થિતિમાં વધુ વધારો હાલ ટાળવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ક્રૂડ ઓઈલની કિંમત બેરલ દિઠ ૧૧૫ ડોલર સુધી પહોંચી ગઈ છે. ડિઝલ ઉપર અન્ડર રિકવરી લિટર દિઠ ૧.૬૨ રૂપિયા છે. જ્યારે કેરોસીન અને એલપીજી ઉપર અન્ડર રિકવરી ક્રમશઃ લિટર દિઠ ૩૨.૮૭ અને સિલિન્ડર દિઠ ૪૩૨.૭૧ રૂપિયા છે. ઓઈલની કિંમતમાં તીવ્ર વધારો કરાયા બાદ હાલત કફોડી બનેલી છે. વર્તમાન ખાતાકીય ખાદ્ય સતત વધી રહી છે. આને કાબુમાં લેવા બે ફ્યુઅલ ઉપર ૮૦ હજાર કરોડની સબ્સિડીને દૂર કરવા દર મહિને એલપીજી અને કેરોસીનની કિંમતમાં વધારો કરવામાં આવનાર હતો. પરંતુ હાલ કોઈ વધારો નહીં કરવાનો નિર્ણય કરાયો છે.

### વડાપ્રધાને દુઃખ વ્યક્ત કર્યું

## રાજધાની દુર્ઘટના : ડિનર કાર્યક્રમ અંતે મોકુફ થયો

નવી દિલ્હી,તા. ૨૫

એનડીએ સરકારે દિલ્હી-ડિબરુગઢ રાજધાની એક્સપ્રેસના બનાવ બાદ પ્રધાન મંડળ માટે આયોજિત ડિનર કાર્યક્રમને મોકુફ રાખવાનો નિર્ણય કર્યો હતો. રાજધાની એક્સપ્રેસ દુર્ઘટનામાં ચારના મોત થયા હતા અને ૨૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અકસ્માતમાં માર્યા ગયેલા લોકોના પરિવાર પ્રત્યે સહાનુભુતિ અને સંવેદના વ્યક્ત કરી હતી. પીએમઓની ઓફિસ તરફથી જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવાયું હતું કે, ઈજાગ્રસ્તોના ઝડપી રિકવરી માટે વડાપ્રધાન પ્રાર્થના કરે છે. નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે, વડાપ્રધાન રેલવે મંત્રી સદાનંદ ગૌડા સાથે સીધા સંપર્કમાં છે. ઘટના સ્થળે રાહત કામગીરી અંગે પુરતી માહિતી આપવા માટે પણ મોદીએ સદાનંદ ગૌડાને સુચના આપી છે.

## સમાચાર ઝલક

- ભારત સરકારના 'મોબાઈલ સેવા' પ્રયાસને યુનોનો એવોર્ડ.
- કોંગ્રેસ અગ્રણી દિગ્વિજયસિંહ અને અમૃતા રાય પ્રભુતામાં પગલાં પાડશે.
- બિહારમાં વિદ્યાર્થીનું એન્કાઉન્ટર કરનાર પોલીસ સબ ઈન્સ્પેક્ટરને ફાંસી અન્ય ૭ પોલીસોને આજીવન કેદ.
- સદામ હુસેનને ફાંસીની સજા કરનાર જજની ઘાતકી હત્યા.
- અમદાવાદ ગેંગસ્ટર અબ્દુલ વહાબનું મોત.
- નાઈજિરિયામાં ૬૦થી વધુ મહિલાઓ-છોકરીઓના અપહરણ-બોકોહરામનું કૃત્ય.
- આંધ્રપ્રદેશ કોર્ટે ક્રિકેટરશ્રી મહેન્દ્રસિંહ ધોની સામે ધરપકડનું વોરંટ જારી કર્યું : વિવાદાસ્પદ હિન્દુ ધર્મ વિષે વાણી વિલાસ બાબતે.
- દેશમાં બનેલું સૌ પ્રથમ એન્ટી-સબમરીન યુદ્ધ જહાજ સેનામાં જોડાશે.
- ચોમાસુ હજુ એક સપ્તાહ મોડું પડવાની આગાહી.
- નવસારીના ભૂદેવ ભદ્રશંકર જોષીનું રાજ્ય સરકાર 'શુકલ યજુર્વેદ'થી સન્માન કરશે.
- હિટ એન્ડ રન કેસમાં સલમાન ખાન સામેના સાક્ષીએ મારેલી ગુલાંટ.
- અનશન પર બેસેલા જૈનાચાર્યો અંત સુધી લડી લેવા મક્કમ.
- ફિલ્મ અભિનેત્રી ગિતિકા ત્યાગીએ ફિલ્મ નિર્માતા સુભાષ કપૂર સામે શારીરિક છેડછાડની ફરિયાદ કરી.
- ઈજીપ્તિની કોર્ટ અલ-જજીરાના પત્રકારોને ૭ થી ૧૦ વર્ષની સજા ફટકારશે.
- રાજકોટમાં કોલેજિયન જેવો વ્યકિત ફડફડાટ આઠ ઓફિસનાં તાળા તોડી નિરાંતે જતો રહ્યો. સી.સી. કેમેરામાં કેદ.
- કોંગ્રેસ અગ્રણી કપિલ સિબ્બલ માસિક રૂ. ૧૬ લાખના ભાડે મકાનમાં રહેવા જશે.
- દિલ્હીમાં ફરીથી સગીર વયની વિદ્યાર્થીની સાથે સામુહિક દુષ્કર્મની શરમજનક ઘટના બની.
- મોરબીનો સિરામીક ઉદ્યોગ ફરી ચાઈનાને ટક્કર મારશે.
- સચિનના માનમાં ઈંગ્લાંડમાં સોનાના સિક્કા.
- ૬ માસ સુધી કોમામાં રહ્યા બાદ ભાનમાં આવનાર માઈકલ શુમેકરની મેડીકલ ફાઈલની ઉઠાંતરી.
- અલાસ્કામાં ૮ની તીવ્રતાવાળા ભુકંપથી સુનામીની ચેતવણી.
- નબળા ચોમાસાના ભયથી દાળ-કઠોળના ભાવ ઉંચકાયા.
- અદાણી ગૃપે કચ્છના જંગલમાં ઉદ્યોગો સ્થાપવા જમીનની માંગણી કરી.

### મોરપીંછના રંગ (પાના નં. ૪ નું ચાલુ)

વિચાર પ્રગટતા હોય છે. ફેસબુકમાં આપણી પ્રોફાઈલ આપણા સંસ્કાર-વિચારનું પ્રતિબિંબ છે એનાથી આપણું-આપણા વ્યક્તિત્વનું મુલ્યાંકન થતું હોય છે. આજે વિદેશોમાં મોટી-મોટી કંપનીઓ ફેસબુકની પ્રોફાઈલ જોઈને જ યુવાનોને નોકરીએ રાખે છે. આવતીકાલે 'લગ્નો' પણ ફેસબુકની પ્રોફાઈલ જોઈને થવાના... એ વખતે તમે અપલોડ કરેલા ફિલ્મોના ફોટાઓ, મિત્રોએ મોકલેલા જેવા-તેવા ઉત્તેજક ફોટાઓ, લખાણ તમારું જીવન અને કારકિર્દી બગાડી શકે છે. કેમકે ફેસબુક એ માત્ર મોજ-મજા કે મસ્તી કે ફ્લર્ટ કરવા માટેનું માધ્યમ નથી એના બીજા ઘણા સકારાત્મક ઉપયોગો પણ છે. હા અભિવ્યક્ત ચોક્કસ થાવ... સારા કપડાં પહેર્યા છે ? ફરવા ગયા? કાર્યક્રમો, પ્રસંગો, પાર્ટીઓ.. બધાના ફોટા મૂકો. લખો પણ એમાં એક મર્યાદા હોવી જોઈએ એનાથી આપણા વ્યક્તિત્વનું, પરિવારનું કે પ્રતિષ્ઠાનું મૂલ્ય ઘટવું ના જોઈએ. નહિતર આવતા પાંચ-દશ વર્ષમાં લગ્ન કરવા માટે કોઈ સારી છોકરીને સારો છોકરો કે સારા છોકરાને સારી છોકરી નહીં મળે... અને મળશે તો લગ્નના એકાદ-બે વર્ષમાં જ લગ્નજીવન તૂટશે. જેમ 'કરેલા કર્મોનું ફળ' અહીં જ મળે છે તેમ 'ફેસબુકના કર્મોનું ફળ' પણ અહીં જ મળે છે. એ વાત હંમેશાં યાદ રાખવી. હવે નક્કી આપણે કરવાનું છે કે આપણને કેવું જીવન ગમશે? ખાસ કરીને છોકરીઓએ ગમે તેવા ફોટા ઉપર Like કરવું, શેર કરવા, ટેગ કરવા કે કોમેન્ટ્સ કરવાથી બચવું જોઈએ. કેમકે એની નોંધ લઈને જ મોટાભાગના છોકરાઓ, પુરુષો આગળ વધતા હોય છે.

વળી ફેસબુકનું સૌંદર્ય મોટેભાગે જૂઠું હોય છે. ફોટા બીજાના હોય છે અને ફોટામાં દેખાતી સુંદરતા સામે આવે છે ત્યારે ખબર પડે છે કે... વળી ધારો કે સુંદરતા સાચી છે તો શું ચહેરાની કે શરીરની સુંદરતા ઉપર આખું જીવન પસાર થશે ખરું ? આથી ઘણી બધી બાબતોનું ધ્યાન રાખવું જરૂરી છે. જો તમારે સારી પત્ની કે સારી માતા કે સારી સ્ત્રી બનવું છે કે સારા પતિ-પિતા કે પુત્ર બનવું છે તો આપણા મૂળ સંસ્કારના મૂલ્યને ભૂલશો નહીં. નહિતર શરીરના બાહ્ય આકર્ષણમાં, ક્ષણિક સુખ મેળવવામાં, ફિલ્મોની અસરમાં તમે તમારું ચારિત્ર્ય, ઈજ્જત અને માન-સન્માન ગુમાવી બેસશો અને થોડા વર્ષો પછી સાવ એકલવાયું જીવન જીવવું પડે એવું પણ બની શકે છે. જેમ દેશ ચલાવવા, રાજ્ય કે સમાજ ચલાવવા કાયદા-કાનુન જરૂરી છે તેમ પરિવાર ચલાવવા માટે પણ એના પારિવારિક કાયદા-કાનુન જરૂરી છે. એક વ્યવસ્થા ગોઠવાયેલી હોય એ જરૂરી છે અને આ વ્યવસ્થાના દાયરામાં રહીને ફેસબુક કરશો તો કોઈ વાંધો નથી.

## વાયુ પ્રદુષણથી વર્ષે ૨૦ લાખના મોત : અહેવાલ

જીનેવા,તા.૨૫

પ્રદુષણને રોકવા માટે તમામ પ્રયાસો થઈ રહ્યા હોવા છતાં પ્રદુષણને કારણે લાખો લોકોના દર વર્ષે મોત થઈ જાય છે. હવે જીનેવા સ્થિત વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુએચઓ) એ પોતાના અહેવાલમાં કહ્યું છે કે દર વર્ષે વાયુ પ્રદુષણના કારણે વિશ્વભરમાં ૨ મિલિયન અથવા તો ૨૦ લાખ લોકોના મોત થઈ જાય છે. ડબલ્યુએચઓ દ્વારા એકત્રિત કરવામાં આવેલા ડેટામાં આ મુજબ જણાવવામાં આવ્યું છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ૫૧ દેશોના ૧૧૦૦ શહેરોમાંથી આંકડા એકત્રિત કરવામાં આવ્યા છે. આ આંકડા મુજબ હવાઈ પ્રદૂષણનું સ્તર સતત વધી રહ્યું છે. આના કારણે હાર્ટ સાથે સંબંધિત રોગ, ફેંફસાના કેન્સર, અસ્થમા અને શ્વાસ લેવાની તકલીફ તેમજ અન્ય ઈન્ફેક્શન રોગોનો સમાવેશ થાય છે. ઘણા શહેરી વિસ્તારોમાં આ તમામ રોગ સામાન્ય બની ચૂક્યા છે. કેટલાક શહેરોમાં પ્રદૂષણની સપાટી ડબલ્યુએચઓની માર્ગદર્શિકાની સરખામણીમાં ૧૫ ઘણી વધારે છે. વિકાસશીલ અને વિકસીત બંને દેશોમાં હવાઈ પ્રદૂષણ માટે જે પરિબળો જવાબદાર છે તેમાં વાહન પરિવહન, નાના પાયાના ઉદ્યોગો અને અન્ય મોટા ઉદ્યોગોનો સમાવેશ થાય છે. ઉપરાંત બાયોમાસ સળગાવવા અને કુકીંગ માટે કોલસાને લઈને પણ પ્રદુષણ ફેલાય છે.


હવાઈ પ્રદુષણમાં અન્ય ઘણા પરિબળો પણ યોગદાન આપે છે. ડબલ્યુએચઓએ પોતાના અહેવાલમાં જણાવ્યું છે કે સોમવારે પ્રકાશિત થયેલા અહેવાલમાં ઘણી બધી વિગતો જાહેર કરાઈ છે. વાયુ પ્રદુષણને રોકવા માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

વૈશ્વિક ટોચની સંસ્થાઓ અને વૈજ્ઞાનિકો આને રોકવા જુદા જુદા વિકલ્પો પર કામ કરી રહ્યા છે પરંતુ આમાં હજુ સફળતા મળી નથી.

## ટાઈગર શ્રોફ બ્રુસ લી જેવા રોમાંચક સ્ટન્ટ કરવા તૈયાર

મુંબઈ,તા.૨૫

હિરોપંતિ ફિલ્મની સફળતા ।બાદ હવે ।ટાઈગર શ્રોફની ।માંગણીમાં સતત વધારો થઈ રહ્યો છે. તે હવે કેટલીક નવી ફિલ્મોમાં કામ કરી રહ્યો છે. તેની પાસે મોટા બજેટની પણ ફિલ્મો છે. જો કે તે તામામ ફિલ્મોમાં એક્શન ફિલ્મોમાં જ નજરે પડાનાર છે. તેની હિરોપંતિ ફિલ્મ ચાહકોન ખુબ પસંદ પડી હતી. તેના ગીતોમની ।થે ।સાથે ફિલ્માના એક્શન સ્ટન્ટ લોકોને પસંદ પડ્યા હાતા. હવે આ વાતને ધ્યાનમાં લઈને નિર્માતા નિર્દેશકો તેના માટે પટકથા લખી રહ્યા છે. જો કે તે રોમાન્સને લગતી ફિલ્મો પણ કરી રહ્યો છે. હિરોપંતિની સફળતા બાદ ટાઈગર હવે કેટલીક ફિલ્મોને લઈને વ્યસ્ત છે. ટાઈગર શ્રોફ હવે સાજિદ નડિયાદવાલાની નવી ફિલ્મમાં નજરે પડનાર છે. આ ફિલ્મમાં તે જોરદાર દિલધડક એક્સન સીન કરનાર છે. નિર્દેશક બી શબ્બીર ખાન તેને બ્રુસ લી અને જેકી ચાન જેવા સ્ટન્ટ કરાવી લેવા માંગે છે. આજ કારણસર તેને વિશેષ તાલીમ આપવામાં આવનાર છે. આ તાલીમ માટે



ટાઈગર શ્રોફને થોડાક સમય માટે વિદેશ મોકલાવામાં આવે તેવી શક્યતા છે. માર્શલ આર્ટ અંગે તાલીમ આપવામાં આવનાર છે. માર્સલ આર્ટમાં પહેલાથી જ માહિર રહેલા ટાઈગર શ્રોફ નવી વિદ્યા શિખવા માટે ઉત્સુક છે. તે કહે છે કે આ ફિલ્લમાં તે નવા અવતારમાં ચાહકોની સામે રજૂ થનાર છે. આ ફિલ્મની એક્શન ખાસ વિશેષતા છે. જ્યાં સુધી અભિનેત્રીની વાત છે આ ફિલ્મમાં અભિનેત્રીના નામ પર ચર્ચા ચાલી રહી છે પરંતુ ટુંક સમયમાં નિર્ણય કરવામાં આવે તેવી શક્યતા છે. આ ફિલ્મમાં પણ તેની સાથે હિરોપંતિમાં કામ કરી ચુકેલી કૃતિ સેનનને લેવામાં આવે તેવી શક્યતા છે. બીજા નામ પર પણ ચર્ચા કરવામાં આવી રહી છે. બીજી જે અભિનેત્રીના નામ પર ચર્ચા છે તેમાં શ્રદ્ધા કપુરનો સમાવેશ થાય છે. જો કે કૃતિની પસંદગી નિશ્ચિત છે.

### આઠમી વખત વિમ્બલ્ડન જીતવા ફેડરર મક્કમ

## વિમ્બલ્ડન ટેનિસ : નડાલ અને રોજર ફેડરર આગામી દોરમાં

લંડન,તા. ૨૫

ઓલ ઈંગ્લેન્ડ કલબ ખાતે શરૂ થયેલી વિમ્બલડન ટેનિસ ચેમ્પિયનશીપમાં ટોચના ખેલાડીઓએ આગેકુચ શરૂ કરી દીધી છે. તાજેતરમાં ફ્રેન્ચ ઓપન રેકોર્ડ વખત જીતીને ઈતિહાસ સર્જાનાર રાફેલ નાડાલ અને રોજર ફેડરરે આગામી રાઉન્ડમાં કુચ કરી છે. બન્ને પોત પોતાની મેચ જીતીને બીજા રાઉન્ડમાં પ્રવેશી ગયા છે. રોજર ફેડરર આઠમી વખત વિમ્બલ્ડન જીતીને પ્રભુત્વ જમાવી લેવા તૈયાર છે. હાલમાં ફ્રેન્ચ ઓપનમાં મહિલા વર્ગમાં ચેમ્પિયન બનેલી રશિયાની ગ્લેમર ગર્લ મારિયા શારાપોવા પણ બીજા રાઉન્ડમાં પ્રવેશી ગઈ છે. ટોચના ખેલાડી નડાલે દુનિયાના ૫૧માં ક્રમાંકના ખેલાડી માર્ટિન ક્લિજાન પર પ્રથમ સેટ ગુમાવ્યા બાદ જીત મેળવી હતી. નડાલે આ મેચ બે કલાક અને ૩૩ મિનિટમાં જીતી લીધી હતી. નડાલે તેના હરિફ માર્ટિન પર અંતે ૪-૬, ૬-૩, ૬-૩, ૬-૩થી જીત મેળવી હતી. હવે બીજા રાઉન્ડમાં નડાલ લુકાસ રોસોલ ।સામે રમશે. રોસોલે વર્ષ ૨૦૧૨માં બે વખતના વિમ્બલ્ડન ચેમ્પિયન પર જીત મેળવીને મોટો અપસેટ સર્જયો હતો. બીજી બાજુ રોજર ફેડરરે પ્રથમ રાઉન્ડની મેચમાં ઈટાલીની પાઉલો લોરેન્જો પર જીત મેળવી હતી. ફેડરરે લોરેન્જી પર ૬-૧, ૬-૧ અને ૬-૩થી જીત મેળવી હતી. ગયા વર્ષે ફેડરર યુક્રેનાના સર્ગેઈ સામે હારી ગયો હતો.દરમિયાન અન્ય મેચમાં ઓસ્ટ્રેલિયન ઓપન ચેમ્પિયન વાવરિકાએ સોસા પર ૬-૩, ૬-૪ અને ૬-૩થી જીત મેળવી હતી. વિમ્બલડનમાં ક્યારેય ચોથા રાઉન્ડથી આગળ નહી વધેલા વાવરિકા હવે તાઈવાનના લુ સુન સામે રમશે. લુ સુને નેદોવએસોવ પર ૬-૪, ૪-૬,૬-૪, ૧-૬ અને ૬-૧થી જીત મેળવી હતી. ઓસ્ટ્રેલિયાના અનુભવી ખેલાડી લેટિન હેવિટે પોલેન્ડના માઈકલ પર ૬-૨, ૬-૭, ૬-૧ અને ૬-૪થી જીત મેળવી હતી. આ વખતે નડાલ, ફેડરર અને જોકોવિક વચ્ચે મુખ્ય ટક્કર છે. મહિલાઓના વર્ગમાં શારાપોવાએ બ્રિટીશ ખેલાડી સામંથા ઉપર ૬-૧,૬-૦થી જીત મેળવી હતી. આ મેચ એક તરફી રહી હતી અને ૫૮ મિનિટ સુધી ચાલી હતી. શારાપોવા હાલમાં જ ફ્રેન્ચ ઓપન ચેમ્પિયન બની છે.